# રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૨૭૨ કેસ, ૧૭ના મૃત્યુ

## અત્યાર સુધીમાં કુલ ૭૬૭૫૭ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા જ્યારે ૩૦૦૮ લોકોના કોરોનાથી મૃત્યુ થયા

ગાંધીનગર,તા.૩૦

રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાનાં ૬૯૪૮૮ ટેસ્ટ કરવામાં આવતા ૧૨૭૨ નવા કેસ નોંધાયા હતાં. આ સાથે કોરોના સંક્રમિતનો કુલ આંકડો ૯૫ હજારને પાર થઈ ૯૫૧૫૫ નોંધાયા છે. રાજ્યમાં આજે ૧૭ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૩ હજારને પાર થઈ ૩૦૦૮ થયો છે. રાજ્યમાં આજે ૧૦૯૫ દર્દી ડિસ્ચાર્જ થયા હતદા. આ સાથે કુલ ડિસ્ચાર્જનો આંકડો ૭૬ હજારને પાર થઈ ૭૬૭૫૭ થયો છે. આજની સ્થિતિએ રાજ્યમાં ૧૫૩૯૦ એક્ટિવ ટેસ્ટ છે. જેમાં ૮૪ વેન્ટીલેટર પર અને ૧૫૩૦૬ દર્દી સ્ટેબલ છે. રાજ્યમાં અનલોક-૪ થતા પહેલા કોરોનાના દૈનિક કેસોમાં સતત ૩ દિવસથી આંકડો ૧૨૦૦ને પાર થઈ રહ્યો છે. જે આરોગ્ય વિભાગ માટે ચિંતાનો વિષય બનેલ છે. વિભાગની યાદી મુજબ રાજ્યમાં આજે કોવિડ-૧૯ના લીધે ૧૭ દર્દીના મોત થયા હતા.

જેમાં અમદાવાદ શહેરમાં ૪ સુરત શહેરમાં ૩ અને જિલ્લામાં ૨ ભાવનગર ૨, અમરેલી, બનાસકાંઠા, જામનગર, સાબરકાંઠા, વડોદરા શહેર અને જિલ્લામાં ૧ મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૬ અને જિલ્લામાં ૨૩ સાથે ૧૬૯ કેસ નોંધાયા છે. આજે ૪ મોત થવા સાથે કુલ મૃત્યુઆંક ૧૭૧૩ થયો છે. સુરત શહેરમાં ૧૭૪ અને જિલ્લામાં ૮૩ સાથે આંકડો ૨૦૪૧૧ થયો છે.

આજે ૫ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૬૨૮ થયો છે. વડોદરા શહેરમાં ૯૩ અને જિલ્લામાં ૩૫ સાથે કુલ ૧૨૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૮ હજારને પાર થઈ ૮૦૬૯ થયો છે. આજે વધુ ૨ મોત નોંધાતા મૃત્યુઆંક ૧૩૦ થયો છે. રાજકોટ શહેરમાં ૮૩ અને જિલ્લામાં ૩૬ સાથે ૧૧૯ કેસ કોરોના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૪૬૮૪ થયો છે. ભાવનગર શહેરમાં ૩૫ અને જિલ્લામાં ૩૩ સાથે કુલ ૬૮ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૨૭૮૧ થયો છે. જ્યારે આજે ૨ મોત વધુ નોંધાતા મૃત્યુઆંક ૪૩ થયો છે.



## હિંમતનગર ખાતે સેવાદળ દ્વારા ધ્વજવંદન

રાષ્ટ્રીય કોંગ્રેસ સેવાદળ ધ્વારા દર મહિનાના છેલ્લા રવિવારે સમગ્ર દેશમા જીલ્લા કક્ષાએ ધ્વજવંદન કાર્યક્રમ કરવામાં આવે છે જે અંતર્ગત આજરોજ સાબરકાંઠા જીલ્લા કોંગ્રેસ સમિતી ખાતે સેવાદળ ધ્વારા ધ્વજવંદન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. ખેડબ્રહ્મા-વિજયનગરના ધારાસભ્ય અશ્વિન કોટવાલના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યુ હતુ. ધ્વજવંદનના આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડીયા સેવાદળના મહામંત્રી કુંપાજી ઝાલા, પ્રકાશ ભડતીયા, સાબરકાંઠા જીલ્લા સેવાદળના મુખ્ય સંગઠક ગોવીંદભાઈ પરમાર, ઉત્તર ગુજરાત મહિલા પ્રભારી તૃપ્તીબેન દવે તથા મહિલા મુખ્ય સંગઠક મંદાબેન લીંબચીયા, રણછોડ પરમાર, મુકેશ પટેલ, સીમાબેન તથા સેવાદળના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# નર્મદામાંથી ૯.૨૨, કડાણામાંથી ૪.૨૦ લાખ ક્યૂસેક પાણી છોડાયું

## કંટ્રોલરૂમનો નંબર ૦૨૬૪૨-૨૪૨૩૦૦ જાહેર કરાયો : એનડીઆરએફની એક ટીમ કુબેર તીર્થ કરનાળી ગામમાં તૈનાત કરવામાં આવી : નર્મદા નદીએ ગોલ્ડન બ્રિજે ૨૪ ફૂટની ભયજનક સપાટી વટાવી

ભરૂચ,તા.૩૦

નર્મદા નદી પરના તમામ મોટા ડેમ ભરાતા છોડાતા પાણીથી સરદાર સરોવરની સપાટી વધી છે. નર્મદા ડેમની સપાટી ૧૩૧.૧૩ મીટર થઈ છે. હાલ ડેમના ૨૩ ગેટ ખોલી પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમમાં અત્યારે ૧૦.૧૬ લાખ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. જેની સામે ૯.૨૨ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેથી કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરી લોકોનું સ્થળાંતર પર કરાયું છે. જ્યારે ભરૂચ ખાતે નર્મદા નદીની સપાટીમાં વધારો થતા પૂરનું સંકટ સર્જાયું છે. જ્યારે કડાણા ડેમમાંથી ૪.૨૦ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. મધ્યપ્રદેશના ઉપરવાસમાંથી નર્મદા ડેમમાં પાણીની આવક થતાં ૮.૧૩ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. ભરૂચ જિલ્લા કલેક્ટર ડો. એમ.ડી. મોડિયાએ તાકીદની બેઠક બોલાવી નર્મદા કિનારાના ભરૂચના ૧૨, અંકલેશ્વરના ૧૪ અને ઝઘડિયાના ૧૩ ગામોના ૧૩૮૭ લોકોનું તાકીદે સ્થળાંતર કરાવ્યું હતું. કલેક્ટરે અધિકારીઓને ગોલ્ડન બ્રિજની સપાટી પર ચાંપતી નજર રાખવા સૂચના આપી હતી. એનડીઆરએફની એક ટીમને પણ તૈનાત કરી દેવામાં આવી હતી. બીજી તરફ તવરા ગામના લોકોને એલર્ટ જાહેર કરતા સ્થાનિકો જ હોડીમાં લોકોને સ્થળાંતર કરી રહ્યા છે. ભરૂચ તાલુકા મામલતદાર પી.ડી પટેલે જણાવ્યું હતું કે,

પશુપાલન અને માછીમારી માટે નદીની બીજે પાર વરસાદ તવરા, મંગલેશ્વર, નિકોરા, શુક્લતીર્થ સહિતના ગામ લોકોને ગામમાં પરત લવાયા છે. વહીવટી તંત્રએ નદી કિનારાના ગામોને એલર્ટ કર્યા છે. નર્મદા નદીમાં ડેમમાંથી પાણીની આવક થતા ગોલ્ડન બ્રિજ ખાતે સપાટી ૨૭ ફૂટે પહોંચી છે. ૮ લાખ ક્યૂસેક પાણી છોડાતું હોવાથી નદીની સપાટી ૩૦ ફૂટ સુધી પહોંચવાની સંભાવના છે. ભરૂચમાં સતત બીજા વર્ષે પણ નર્મદા નદી ભયજનક સપાટી વટાવી છે. નદીની ભયજનક સપાટી ૨૪ ફુટની છે. ગામના સરપંચ નિલેશ વસાવાએ જણાવ્યુ કે, શુક્લતીર્થ ગામ સુધી હાલની દ્રષ્ટિએ પાણી ભરાવાની શક્યતા ઘણી ઓછી છે પરુંત નદીકાંઠાના ખેતરોમાં નુકશાન થઈ શકે છે. નદીની બીજા કાંઠે ઢોર-ઢાંકર અને લોકોને સુવિધા આપવી પડશે. ૨૮-૨૯ ફૂટ પાણી આવે ત્યાર પછી જ જનજીવન પર નર્મદાની પાણીની અસર થશે. ભરૂચ જિલ્લા કલેક્ટર ડો.એમ.ડી મોડિયાએ જણાવ્યું કે, જળ સપાટી વધવાથી ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચના ગામોને એલર્ટ કરાયા છે. એક એનડીઆરએફની ટીમ સ્ટેન્ડ બાયમાં મૂકી છે. ગામોમાં પાણી ભરાયા હોય તો મદદ માટે ૦૨૬૪૨-૨૪૨૩૦૦ કંટ્રોલરૂમ નંબર જાહેર કરાયો છે.

કડાણા ડેમમાંથી છોડવામાં આવતું પાણી ૨.૦૦ લાખથી વધારીને ૪.૫૦ લાખ ક્યૂસેક કરવામાં આવનાર છે. હાલ ૪.૨૦ લાખ છોડવામાં આવી રહ્યું છે. જ્યારે તેને ૬ લાખ સુધી કરવામાં આવનાર છે. જેથી ખોડીયાર, હાદોડ અને આંત્રોલી બ્રિજ બંધ કરવામાં આવેલો છે. તમામને સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવે છે.

# અમીરગઢમાં ખેતીના પાકને નુકશાનની ભીતિ

અમીરગઢ તાલુકામાં છેલ્લા કેટલાય દિવસોથી વરસાદે જમાવટ કરતાં જગતના તાતની મુશ્કેલીઓમાં વધારો થતો જોવા મળી રહ્યો છે. જો હવે વરસાદ બંધ નહિ થાય તો અમીરગઢમાં મેઘ મહેર નહિ પણ મેઘ કહેર જેવા દ્રશ્યો ખેડૂતોના ખેતરોમાં જોવા મળી રહ્યા છે. સતત વરસાદને કારણે અમીરગઢ તાલુકામાં

બાજરી, તલ, કઠોળનો પાક સદંતરે નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. વધુ પડતા પાણીથી એરંડા અને જુવારના પાકને પાણી લાગતાં મોટુ નુકશાન થઈ શકે છે. સતત વરસી રહેલા વરસાદના કારણે તલ મગફળી અને બાજરીનો પાક સંપુર્ણપણે નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છળ વધુ વરસાદના કારણે બાજરીના પાકમાં તૈયાર થયેલા ડોડામાં બાજરી ઉગી ગઈ છે. બીજીબાજુ અડદ તેમજ મગ તેમજ કઠોળના પાકને મોટુ નુકશાન થયુ છે. હાલતો અમીરગઢમાં મેઘ મહેર નહીં પરંતુ મેઘકહેર જેવા દ્રષ્યો ઠેર ઠેર જોવા મળી રહયા છે.

# જિલ્લાના પૂર્વ પટ્ટામાં વહેતી અર્જૂની, સરસ્વતી, ઉમરદશી, બાલારામ, બનાસ નદીઓ ગાંડીતુર બની

બનાસકાંઠા જિલ્લામાં પુનઃ ત્રણ દિવસની ભારે વરસાદની આગાહી વચ્ચે રવિવારે વહેલી સવારે મુશળધાર વરસાદ શરૂ થયો છે. જ્યાં દાંતા - અંબાજીમાં માત્ર ચાર કલાકમાં જ સાડા ચાર ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર પાણી જ પાણી થઈ જવા પામ્યું હતું. ભારે વરસાદના પગલે અરવલ્લીની ગિરિમાળામાંથી નીકળતી નદીઓમાં ઘોડાપુર આવતાં જાણે નદીઓ ગાંડીતુર થઈ ગઈ હતી.

બનાસકાંઠા જિલ્લામાં શ્રવણ માસના સરવણીયા વરસ્યા બાદ હવે ભાદરવા માસમાં જાણે ચોમાસું જામ્યું છે. જ્યાં સપ્તાહ અગાઉ ભારે વરસાદની આગાહીથી સાર્વત્રિક વરસાદ પડ્યો હતો. જે બાદ ત્રણેક દિવસના વિરામ પછી હવામાન વિભાગ દ્વારા પુનઃ ત્રણ દિવસની ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે રવિવારે વહેલી સવારે મુશળધાર વરસાદ શરૂ થયો છે. જ્યાં દાંતા - અંબાજીમાં માત્ર ચાર કલાકમાં જ સાડા ચાર ઈંચ વરસાદ ખાબકતા સર્વત્ર પાણી જ પાણી થઈ જવા પામ્યું હતું. અંબાજીમાં ભારે વરસાદને કારણે માર્ગો વરસાદી પાણીથી ઉભરાય હતા. તો વળી પોલીસ મથક તરફ જતા માર્ગ વિસ્તાર તો બેટમાં પરિવર્તિત થઈ જવા પામ્યો હતો. એટલુંજ નહિ નીચાણવાળા ભાગમાં શક્તિધારા સોસાયયિટી માતો લોકોના ઘરમાં પાણી ઘૂસી જતા ભારે અફડા તફડી મચી જવા પામી હતી. ભારે વરસાદના પગલે અરવલ્લીની ગિરિમાળામાંથી નીકળતી જિલ્લાના પૂર્વ પટ્ટામાં વહેતી અર્જૂની, સરસ્વતી, ઉમરદશી, બાલારામ, બનાસનદીઓમાં ઘોડાપુર આવતાં જાણે નદીઓ ગાંડીતુર થઈ ગઈ હતી.

### નવા ૧૧ કેસ .... ● છેલ્લા પાનાનું ચાલુ

આ સેક્ટરમાં કોરોનાને નિયંત્રિત કરવા તંત્રએ આક્રમક વ્યુહરચના અમલમાં મુકવા માટે મન બનાવી લીધુ છે. સે. ૪ માંથી આજે ૩૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. વૈધાનિક અને સંસદીય બાબતોના પ્રભાગમાં ઉપસચિવ તરીકે ફરજો બજાવતા અને સે. ૪ માં રહેતા ૬૫ વર્ષીય અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેમના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ ઉપરાંત સે. ૪ માંથી જ એક ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.સે. ૪ માં આજે મળેલા ૩ કેસના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે તેમજ સેક્ટરમાં સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન પણ અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે. સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની વાવોલ શાખામાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજો બજાવતી અને સે. ૧૭ માં રહેતી ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલા દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ તેણીનીના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૫ માંથી એક ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મહિલાના પરિવારના ૪ સભ્યોને તંત્રએ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૧૪ માંથી એક ૭૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ પરિવારના ૪ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૪ માંથી ૨૫ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવક મારૂતીના શૉ રૂમમાં ઝુંડાલ ખાતે નોકરી કરતો હોવાનું જાણવા મળેલ છે. આ યુવકને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ યુવકના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૭ માં રહેતા અને કન્સ્ટ્રકશન સાથે જોડાયેલા એક ૫૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના બે સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પ્રોજેક્ટ એક્ઝીક્યુટીવ તરીકે નવા સચિવાલયમાં નોકરી કરતા અને સે. ૨૨ માં રહેતા એક ૩૮ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ યુવકના પરિવારના નવ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.સે. ૧૬ માં રહેતા અને પોલીસ કોન્સ્ટેબલ તરીકે સેવારત ૩૫ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ જવાનને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ જવાનના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે.

નવા સચિવાલયમાં મહેસુલ વિભાગમાં નાયબ સેક્શન અધિકારી તરીકે ફરજો બજાવતા અને સે. ૨૯ માં રહેતા ૩૦ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ અધિકારીના પરિવારના ૩ સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં હાલ ૨૦૫ જેટલા કન્ટેનમેન્ટ ઝોન છે અને ૧૧ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. શહેરમાં વધતા જતા કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે. શહેરમાં ૬૫ જેટલા દર્દીઓ હાલ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

### ગ્રામ્ય વિસ્તાર.... ● છેલ્લા પાનાનું ચાલુ

તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તાલુકાના કુડાસણ, રાયસણ, સરગાસણ ઉપરાંત છાલામાંથી કેસો મળી રહ્યા છે. આ ઉપરાંત જે રીતે મહિલાના કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે.

દહેગામ તાલુકામાં આજે કોરોનાના ૪ કેસ મળી આવ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે અર્બન વિસ્તારમાંથી કેસો મળ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગોપાલપુરામાંથી ૨૦ વર્ષીય યુવકનો અને જાસિયામઠ ગામેથી ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બે દર્દીઓને સારવાર માટે કોલવડા કેર સેન્ટરમાં મોકલવામાં આવ્યા છે. જ્યારે દહેગામ અર્બનમાંથી એક ૨૩ વર્ષીય યુવક અને ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બે દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે. માણસા તાલુકામાંથી પણ આજે ૪ કેસ નોંધાયા છે. આ ચારેય કેસ ગ્રામ્ય વિસ્તારના છે. જો કે ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. નવા-નવા ગ્રામ્ય વિસ્તારોમાંથી કેસો મળતાં તંત્રએ તાલુકામાં તેમજ અર્બન વિસ્તારમાં સઘન સર્વેલન્સની કડક સૂચનાઓ આપી છે. મળતી વિગતો પ્રમાણે પુંદરા ગામેથી આજે એક સાથે ૩ કેસ મળી આવ્યા છે. તંત્ર પણ આથી ચોંકી ઉઠ્યુ છે. આજે નોંધાયેલા ૩ કેસમાં એક ૭ વર્ષના શિશુનો પણ સમાવેશ થાય છે. પુંધરામાંથી ૩૯ વર્ષીય પુરૂષ તેમજ ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત વેડા ગામેથી ૨૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં આજે ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ નોંધાયા છે. સાંતેજ ગામમાંથી એક ૫૭ વર્ષીય મહિલા તેમજ ૨૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૫૫ દર્દીઓ કોરોના મુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૧૫૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે આજે ૧૭,૧૦૦ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

### અતિતની આજ ● ચોથા પાનાનું ચાલુ

એ નદીઓના ત્રિવેણીસંગમ પર ૨૦૦૦ વર્ષ પુરાણું તિરુવલિયમ પરશુરામ મંદિર આવેલું છે. મહાવિષ્ણુના પરમ ભક્ત વિલ્વામંગલમ સ્વામીએ એ બંધાવ્યું હતું. અત્યારે અસ્તિત્વ ધરાવે છે તે મંદિર ૧૨-૧૩મી સદીમાં ચેરા રાજવી અથિયમન પેરુમલે બંધાવ્યું છે અને એનો અનેરો મહિમા છે. કોંકણ રેલવેનું બાંધકામ ચાલતું હતું ત્યારે કોંકણ અને કેરળને જોડતી આ રેલવેના પ્રચાર-પ્રસારમાં પરશુરામની ભોમકા તરીકે ઘણો ઉપયોગ થયો હતો. અત્યારે પણ કેરળમાં માર્ક્સવાદી ડાબેરી મોરચાની સરકાર પણ એના ઉપક્રમ મેટલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના માધ્યમથી ભગવાન પરશુરામના પરશુ (ફરશી) જેવું ઓજાર સુવેનિયર તરીકે શ્રદ્ધાળુઓને આપવા માટે બનાવે છે.અત્રે એ યાદ રહે કે સામાન્ય રીતે ઈશ્વરમાં નહીં માનનારા નાસ્તિક એવા કમ્યૂનિસ્ટોની જ કેરળ સરકારે એના પ્રવાસન પ્રચાર માટે ‘‘ગૉડ્સ ઓન કન્ટ્રી’’ જેવું સ્લોગન તૈયાર કરીને દુનિયાભરમાં કેરળના પ્રવાસનનો પ્રચાર કરવાનો આરંભ કર્યો હતો. ભગવાન પરશુરામ એ દક્ષિણ અને ઉત્તરને જોડવાનું અનેરું કામ કરે છે, પણ કમનસીબે એમને પોતીકા ગણાવવાની રાજકીય ખેંચતાણ ઉત્તરપ્રદેશના રાજકારણમાં ચાલી રહી છે. હકીકતમાં તો એ સૌના પોતીકા અને રાજકીય રંગથી નોખા જ રહેવા ઘટે, ભગવાન રામની જેમ જ.

ઈ-મેઈલ : haridesai@gmail.com

### સ્વદેશી રમકડા... ● પહેલા પાનાનું ચાલુ

ક્રિયાપ્રતિક્રિયા કરી શકો છો અને કોઈપણ સરકારી યોજના વિશે યોગ્ય માહિતી મેળવી શકો છો. તે પણ ટેક્સ્ટ, વિડિઓ અને ઓડિયો એમ ત્રણેય રીતોમાં. તે તમને ખૂબ મદદ કરી શકે છે. એક બીજી એપ્લિકેશન છે. સ્ટેપ સ્પીટ ગો આ એક ફિટનેસ એપ્લિકેશન છે. આ એપ્લિકેશનમાં તમે કેટલું ચાલ્યા અને કેટલી કેલરીઝ બળી છે તેનો હિસાબ આ એપ રાખે છે. અને ફિટ રહેવા માટે પણ પ્રેરિત કરે છે. મન કી બાતની આ આવૃત્તિમાં પીએમ મોદીએ સુરક્ષા દળોના બે બહાદુર પાત્રોનો પણ ઉલ્લેખ કર્યો છે. જે છે સોફી અને વિડા. બંને ભારતીય સૈન્યના શ્વાન છે. આ સિક્યુરિટી ડોગ્સને ’ચીફ ઓફ આર્મી સ્ટાફ કમેંડેશન કાર્ડ્સ’થી સમ્માનિત કરાયા છે. પીએમ મોદીએ કહ્યું, "મને કહેવામાં આવ્યું કે ભારતીય પ્રજાતિના કૂતરાઓ પણ ખૂબ સારા હોય છે, ખૂબ સક્ષમ છે. ભારતીય પ્રજાતિઓમાં મુધોલ હાઉન્ડ અને હિમાચાલી હાઉન્ડ છે તેઓ ખૂબ સારી પ્રજાતિના છે. તેમજ રાજાપલાયમ, કન્ની, ચિપ્પીપરાઈ અને કોમ્બાઈ પણ ખૂબ જ શાનદાર ભારતીય પ્રજાતિઓ છે.

### શહેર ડૂબી ગયુ... ● પહેલા પાનાનું ચાલુ

સપાટી ૧૩૧.૦૪ મીટર પર પહોંચી ગઈ છે. ઉપરવાસમાંથી ૧૦ લાખ ૧૫ હજાર ક્યુસેક પાણીની આવક થઈ છે. તો ડેમના ૨૩ દરવાજા માંથી ૮,૧૩,૫૯૯ હજાર ક્યુસેક છોડવામાં આવી રહ્યું છે. ભારે વરસાદને કારણે નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. તેને જોતા વહીવટી તંત્ર પણ એલર્ટ છે. ડેમના ૨૩ દરવાજા ખોલવામાં આવતા ભરૂચ, નર્મદા અને વડોદરા જિલ્લાના નદી કાંઠાના ૫૨ ગામોને એલર્ટ જાહેર કરવામાં આવ્યા છે. તો વડોદરા-ભરૂચમાં એનડીઆરએફ એક ટીમ પણ તૈનાત કરાઈ છે. નર્મદા ડેમમાં સતત નવા પાણીની આવક થતાં ડેમના દરવાજા ખોલાયા છે. જેથી ભરૂચનો ગોલ્ડન બ્રિજ ભયજનક સપાટીથી માત્ર એક ફુટ દૂર છે.

